५००३

कागळ तथा दस्तावेजना नमुना.

રચી પ્રસિદ્ધ કરનાર.

કે. મ.

આવૃત્તિ ૧ લી—પ્રત ૨૧૦૦

અમદાવાદ.

આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૮—સન ૧૮૯૨

કીંમત દોઢ આનો.

૫૦૦૩

કાગળ તથા દસ્તાવેજના નમુના.

અટક વિગેરેની સમજણ.

જાતની અટકો.

બ્રાહ્મણને—અધ્યારૂ, ઉપાદીઆ, જાની, જોશી, ત્રવાડી, દવે, …શા, પાઠક, પરોત (પુરોહિત), ભટ, મેહેતા, શુકલ, શાસ્ત્રી, …ાર, વ્યાસ, રાવળ વિગેરે.

વાણિઆને—શા. (શાહુકાર), પરિખ, સંઘવી, વિગેરે.

ભાટીઆ અને લુવાણાને—ઠા. (ઠક્કર).

કણબીને—પા. (પટેલ).

રજપૂતને—જાડેજા, સોલંકી, ચાવડા, વાઘેલા, ગોહેલ, વિગેરે.

કોળીને—કોટવાળ, બારીઆ, પગી, ખાંટ, વિગેરે.

મુસલમાનને—શેખ, સૈયદ, પઠાણ, મલેક, મોગલ, મીરજાં, …ાટકો, પીંજારા, મેમાણ, વિગેરે.

પારસીને—શેઠ.

અંગ્રેજને—મેહેરબાન.

ધંધાની અટકો.

પાનવાળાને—તંબોળી.

દાણા વેચનારને—પડીઆ, કણીઆ.

શાક વેચનારને—કાછીઆ, કુંજડા.

દૂધ વેચનારને—સાબળીઆ.

લુગડાં વેચનારને—કાપડીઆ.

સુતર વેચનારને તથા સુતર કંતાવનારને—સુતરીઆ.

સિધુ વેચનારને—મોદી, નેસ્તી.

કરિયાણું વેચનારને—ગાંધી.

મીઠાઈ વેચનારને—કંદોઈ, સુખડીઆ.

ધાતુનાં વાસણ વેચનારને—કંસારા.

ઇમારતી લાકડાં વેચનારને—કાટપીટીઆ.

બાળવાનાં લાકડાં વેચનારને—કઠીઆરા.

ઘરેણાં વેચનારને તથા તેની કીંમત કરનારને—ચોકસી, સોની-વાણિઆ.

હીરામોતી વેચનારને—ઝવેરી.

દાગીના ગાંઠનારને—પટવા.

વૈદુ કરનારને—વૈદ્ય, દાકતર, હકીમ.

બીજી જાતોમાં તે જે જે જાત હોય તે જાત લખાયછે.

સાધારણ.

સાધારણ માણસને—રાજેશ્રી, ભાઈ શ્રી.

ઓળખાણવાળાને—ભાઇ શ્રી, પ્રીયભાઈ, સ્નેહી, વિગેરે.

સરકારી નોકરને—રા. રા. (રાજમાન રાજેશ્રી).

દોસ્તને—પરમસ્નેહી, દીલોજાન, હેતરવી હીરા, પરમપ્રીય, વિગેરે.

વડીલને—મુરબ્બી, સદા સુભેચ્છક મુરબ્બી.

બાપને—શિરછત્ર તિર્થરૂપ પિતાજી.

માને—ગંગાસ્વરૂપ તિર્થરૂપ માતાજી.

છોકરાને—ચિરંજીવી.

ભાગ ૧ લો.

ચીઠીઓ.

સદા શુભેચ્છક મુરબી માસ્તર સાહેબ—

વિનંતી જે—મારા પિતાજી આજ મુંબાઇ જવાના છે તેથી મને જરૂરના કામ માટે રાખ્યો છે, માટે હું આજ આપના ઉત્તમ શિક્ષણનો લાભ લઇ શકીશ નહિ તેને માટે ઘણો દિલગીર છું. સેવકની આજની રજા ગણશો એવી આશા રાખું છું. તા. ૧—૩—૯૨

લી. આજ્ઞાંકીત શેવક.

હરીપ્રસાદ પીતાંબરદાસ.

શિરછત્ર તિર્થરૂપ પિતાજી—.

નમ્રતા પૂર્વક જણાવવાની રજા લઉં છું કે—આજ બે વાગે માસ્તર સાહેબની રજા લઇ ઘેર આવવાને આપે કહેલું હતું. પણ મારી ક્લાસમાં આજ સાંજના ત્રીરાશીના હિસાબ ગણવાની રીત મારા માસ્તર સાહેબ સમજાવવાના હોવાથી હું ઘેર આવી શકું તેમ નથી, માટે આજ્ઞાભંગના દોષને માટે મને માફી આપશો તા. ૬—૩—૯૨

લી. આપનો દાસ.

ચીમન.

પ્રિયભાઇ મોજીલાલ રણછોડદાસ.

વિનંતી એ છે જે—આપને ગઈ પરિક્ષાંગાં ઈનામગાં ચોપડીઓ મળી છે. તેગાંથી જે હાલ તગારા ખપગાં ન આવતી હોય તે આ ચીઠી લાવનાર ગાણુસ સાથે મોકલશો તો મોટી મેહેરબાની થશે. તે વાંચી થોડા દિવસગાં પાછી મોકલાવીશ તા. ૧૦-૩-૯૨

લી. તગારો શેવક.

મણીલાલ મગનલાલ.

સ્નેહી મણીલાલ મગનલાલ.

સલાગ સાથે લખવાનું કે—તગારી ચીઠી લાવનાર માણુસ સાથે "પુસ્તક ગાળા ભાગ ર જો" મોકલ્યો છે, તે વાંચી રહ્યા બાદ મોકલાવી દેશો. એજ વિનંતી તા. ૧૦—૩—૯૨

લી. તગારો સુભેચ્છક.

મોજીલાલ રણછોડદાસ.

જોશી મહારાજ ઉત્તમરામ શીવરામ.

વિનંતી જે—બાઇ ભોગીલાલના જન્માક્ષર તૈયાર થયા હોય તો આ ચીઠી લાવનાર અગારા ગુમાસ્તા નરોતમને આપશો તે વાંચવાને ક્યારે પધારશો તે ગુમાસ્તાને કહેશો. એજ સંવત ૧૯૪૮ના ચઈતર વદ ૫

લી. નાનાલાલ મોતીલાલ.

રા. રા. ચુનીલાલ ગોવરધનદાસ.

વિશેષ વિનંતી જે—આપ ધોળકે કયારે જવાના છો, તે આ ચીઠી લાવનાર માણસને લખી આપવા કૃપા કરશો. કારણ કે મારે આપની સાથે કેટલોક સામાન મોકલવાનો વિચાર છે એ- જ તા. ૨૦-૪-૯૨.

લી. હું છું આપનો સેવક

મહાશંકર મુળજી

પ્યારા ભાઇ મહાશંકર મુળજી.

આપની ચીઠીથી વાકેફ થઇ જણાવું છું કે—મારે ધોળકે જવાનો વિચાર હતો તે હાલમાં બંધ રહ્યો છે જ્યારે જવાનું હશે ત્યારે બે દિવસ આગાઉ હું આપને ખબર આપીશ, જે મોકલવા- નું હોય તે સુખેથી મોકલજો, હું પહોંચાડીશ. એજ વિનંતી. તા. ૨૦-૪-૯૨.

લી૦ તમારો સ્નેહી.

ચુનીલાલ ગોવરધનદાસ.

દીલોજાનદોસ્ત. મથુરભાઇ બેહેચરદાસ.

વિનંતી જે—આપે મળવા આવવાને પૂછાવ્યું તેથી જણાવું છું કે આપ ઘેર રહેજો કારણ કે હું આજ બે વાગતાને સુમારે

આપની પાસે આવવાનો છું વિશેષ રૂબરૂમાં વાત થશે. એજ તા. ૨૫-૪-૯૨.

લી. તમારો વિશ્વાસુ મિત્ર.
મોતીલાલ મહાશંકર.

પરમપ્રિય મિત્ર મોતીલાલ મહાશંકર.

વિનંતી જે—આપે ભૂગોળ ૨૦૦ મંગાવી પણ હાલમાં મારી પાસે તેની ૫૦ પ્રત છે બીજી પ્રતો પ્રેસમાંથી મંગાવવાની છે-માટે આપની મંગાવેલી ચોપડીઓ આજ મોકલી શકયો નથી. એજ તા. ૨૮-૪-૯૨.

લી.
આપની પ્રિતી ચાહનાર
કેશવલાલ મનસુખભાઇ.

શા. મનસુખલાલ પરભુદાસ.

જત લખવાનું કે—આ ચીઠી લાવનાર અમારા ગુમાસ્તા. લ-લુભાઇ ગોપાળને રૂા. ૫૦) અંકે રૂપીઆ પચાશ અમારે નામે લખીને આપજો. એજ સંવત ૧૯૪૮ ના ચઇતર વદી ૭.

લી.
પરી. જમનાદાસ ભગવાનદાસ.

પરી. જમનાદાસ ભગવાનદાસ.

જત લખવાનું કે—તમારી ચીઠી લઈ આવનાર ગોર લલુ ગોપાળને રૂા. ૫૦) અંકે પચાશ આપ્યા છે માટે તે અમારે ખાતે જમે કરશો. એજ સંવત ૧૯૪૮ ના ચઇતર વદી ૭

લી.

શા. મનસુખલાલ પરભુદાશ.

ઘાંચી ગોવિંદ પરભુદાસ.

જત આ ચીઠી લાવનાર અમારા ચાકર વલભાને ધોળા તલનું તેલ સારૂ ચોખ્ખુ અધમણ જોખી આપજો તેના પૈસા અમારે નામે લખજો. સંવત ૧૯૪૮ ચઇતર વદી ૫

લી.

મગનલાલ ત્રીજભુખણદાસ દા. પોતે.

મોદી. દામોદર હરજીવન.

જત આ ચીઠી લાવનારને અમારે નામે નીચે મુજબ સીધું આપજો.

કણેક (ઘહુનોઆટો)આઠ શેર.	ઘી ત્રણ શેર.
ગોળ અઢીશેર.	તેલ સવાશેર.
ગીહું પાશેર.	હળદર પાશેર.
મરચાં પાશેર.	આંબલી પાશેર.

કુલ પુણુસોળશેર આપજો. સંવત ૧૯૪૮ ના ચઇતર વદી૧૨

લી.

મગનલાલ શંભુલાલ દા. પોતાના.

જેગોપાળ વગેરે લખવાની સમજણ.

બ્રાહ્મણ બ્રાહ્મણને—દંડવત કે નમસ્કાર લખે છે.

બ્રાહ્મણ બીજા હિંદુને—આર્શીર્વાદ લખે છે.

બીજી જાતના હિંદુ બ્રાહ્મણને—દંડવત કે પ્રણામ લખે છે.

વૈષ્ણવમાં—જેગોપાળ, જેશ્રીકૃષ્ણ કે ભગવદ્ સ્મરણ લખેછે.

રાધાવલ્લી વૈષ્ણવ—જેરાધાવલ્લભ લખે છે.

શ્રાવક ને ઢુંડીઆ—જવાર બોલે તથા લખે છે.

પાટીદાર, રજપૂત, કણબી, કાછીઆ, કોળી તથા ઉતરતી જાતના હિંદુમાં—રામરામ લખવાનો રીવાજ છે.

મોટાને (વડીલને)—પ્રણામ દંડવત કે દંડવત પ્રણામ લખેછે.

બાપને અથવા ગુરૂને— સાષ્ટાંગ દંડવત પ્રણામ લખવાનો ધારો છે.

નાનાને (ઉતરતાને)—આર્શીર્વાદ કે આશિષ લખે છે.

હિંદુઓ—મુસલમાન પારસી વિગેરેને સલામ લખે છે તેમ બીજાઓ હિંદુઓને પણ સલામ લખે છે.

હિંદુઓમાં સરકારી નોકરને સલામ લખવાનો ધારો છે.

હિંદુ સિવાયની બીજી જાતો (મુસલમાન, પારસી, અંગ્રેજ વિ-

ગેરે) અરસ પરસ સલામ લખે છે.

મુસલમાન મુસલમાનને દુવા સલામ લખે છે.

ભાગ ૨ જો.

કાગળો.

કાગળમાં અવશ્ય લખવાની બાબતો.

૧—જે ગામ કાગળ લખવો હોય તે ગામનું નામ લખવું.

૨—જેના ઉપર કાગળ લખવો હોય તેનાં વિશેષણ અને અટક લખવી.

૩—જેના ઉપર કાગળ લખવો હોય તેનું તથા તેના બાપનું નામ લખવું.

૪—જે ગામથી કાગળ લખવો હોય તે ગામનું નામ લખવું.

૫—લખનારની યોગ્યતા તથા અટક લખવાં.

૬—કાગળ લખનારનું તથા તેના બાપ વિગેરેનાં નામ લખવાં.

૭—કાગળ લખનારે પોતાના તરફથી સલામ વિગેરે લખવું.

૮—લખનારે પોતાની તરફની સુખાકારી લખવી.

૯—જેના ઉપર કાગળ લખ્યો હોય તેની સુખાકારી ખબર મંગાવવી.

૧૦—કાગળમાં જે હકીકત લખવી હોય તે લખવી.

૧૧—કાગળ ક્યારે લખ્યો તે, સંવત, માસ, પક્ષ, તિથિ વાર લખવાં.

કાગળમાં વપરાતા શબ્દના અર્થ.

સ્વસ્તિ=કલ્યાણ.
શ્રી=શોભાગવાન.
બંદર= { દરિઆ નદી કિનારાનું ગામ કે શેહેર જ્યાં વહાણ રહેછે તે
મહા=મોહું.
શુભ=સારૂં.
સ્થાન=ઠેકાણું.
પુજ્યારાધે=પુજા કરવા જોગ.
અનેક=ઘણી.
સર્વે=બધી.
શુભોપમા=સારી ઉપમાઓ.
જોગ=લાયક.
શિરછત્ર=માથાનું ઢાંકણ.
તીર્થરૂપ=તીર્થને ઠેકાણે.
પિતાજી=બાપ.
સદ્ગુણ=સારાગુણ.
નિધાન=ભંડાર.
ચતુર=ડાહ્યો.
સુજાણ=સારી પેઠે જાણનાર.
વિવેક=સારા ખોટાની બુજ.
ચિરંજીવી=લાંબી ઉંમરવાળો.
સાગર=સમુદ્ર, દરિઓ.

આશિષ=સારૂં ઇચ્છવું.
સેવા=ચાકરી.
અંગીકાર કરવું=કબુલ રાખવું.
વિશેષ=વધારે.
વિનતી=અરજ.
જત=જે.
અત્રે=આહીં.
કૃપાથી=દયાથી.
કુશળ= } ખુશાલી.
કુશળતા= }
આપની=તમારી.
પરમ=ઘણું.
આનંદ=ખુશી.
નિરંતર=હમેશાં.
પત્રદ્વારા=કાગળ માર્ગે.
કારણ=સબબ.
સંભાળીને=યાદ કરીને.
સમાચાર=ખબર.
સમય=વખત.
સંતોષ=આનંદ.
રવાને=ચાલતો.
ચિંતા=ફિકર.

વિરાજમાન=શોભીતો, તેજ મારતું.
માતુશ્રી=મા.
વા=તથા.
એતાન=એમને.
લી=લખીતંગ.
શુભેચ્છક=ભલુ ઇચ્છનાર.
આજ્ઞાંકીત=હુકમ પાળનાર.
સેવક=દાસ.
વિ=વિદ્યમાન=જીવતુ હાજર, સમક્ષ.
સાષ્ટાંગ=આઠ અંગ સાથે હોય તે.
લ્લો નમસ્કાર કે પ્રણામ.
દંડવત=લાકડીની પેઠે લાંબા થવું.
પ્રણામ=પગે લાગવું,
જેગોપાળ=ગોપાળ (પરમેશ્વર)નીજે
ડાક=ટપાલ.
સાથ=કુટંબ, મિત્ર વિગેરે.
પધારજો=આવજો.
મંડપ=માંડવો.
નિરધાર્યાં=નકી કર્યાં.
દીસસે=દેખાશે.
દેવલોક=સ્વર્ગલોક.
સ્હેવું=ખમતું.
માઠી ખબર=મોતની ખબર.
કંકોત્રી=લગ્નની ખબરનો કાગળ.
ભાંડુ=ભાઇ બેન વિગેરે.
ભભકા=તેજી, ચળકાટ.
શ્રીમન્ત=પૈસાદાર.
રોણક, બાંધણીનો ભભકો.

બાપ ઉપર કાગળ ૧ લો.

(ઘેરથી લખેલો.)

સવસ્તિ શ્રી મહાશુભસ્થાને પુજ્યારાધ્યે અનેક સર્વં શુભોપમાજોગ શિરછત્ર તીર્થરૂપ પીતાજી શા. એતાન શ્રી થી લી. આજ્ઞાકીત સેવક. બી ના સાષ્ટાંગ દંડવત પ્રણામ સેવામાં અંગીકાર કરશો. જત

અત્રે આપની કૃપાથી કુશળ છે. તમારી કુશળતાનો પત્ર હાલમાં આવ્યો નથી તે લખવાની કૃપા કરશો. બીજું (જે હકીકત લખવી હોય તે લખવી જોઈકે)—દાણાની મોસમ આવી છે. માટે ખર્ચીને સારૂ રૂપીઆ કોને ત્યાંથી ઉપાડીએ તે લખશોજી વિગેરે. મારી માતુશ્રી તથા અમે સર્વે ભાંડુ ખુશીમાં છીએ. ઘર તરફની કશી ફિકર રાખશો નહિ. આપનું ઘર તરફ પધારવું ક્યારે થશે. તે લખવાની કૃપા કરશો. એજ વિનંતી. સંવત ૧૯ (માસ, પક્ષ તિથિ, વાર લખવો.)

બાપ ઉપરનો કાગળ ૨ જો.

(માગથી લખેલો.)

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે શુભોપમાજોગ શિરછત્ર તીર્થરૂપ પિતાજી પંડચા તથા પુજ્ય માતાજી તથા મોટા ભાઇ તથા ભાઇ (જેટલા હોય તે લખવા) તથા બેન વિગેરે એતાનશ્રી થી લી. આજ્ઞાકીત શેવક પંડચા વી ના સાષ્ટાંગ દંડવત પ્રણામ સેવામાં અંગીકાર કરશોજી. જત આપની કૃપાથી અત્રે હું ખુશી આનંદમાં છું આપની કુશળતાનો પત્ર નો લખેલો આવ્યો તે વાંચી પરમ આનંદ થયો છે. વળી એજ પ્રમાણે કૃપાથી પત્ર લખતા રહેશોજી બીજુ—(જે હકીકત લખવી હોય તે લખવી જેવી કે)—અમારા ઉપરી સારા છે, પાડોશ સારો મળ્યો છે, વેપાર રોજગાર કેવો ચાલે છે વિગેરે. સંવત ૧૯ ના (માસ, પક્ષ, તિથી, વાર લખવાં).

લંડન તા૦ ૨૧ જાન્યુઆરી.

શિરછત્ર તિર્થરૂપ પિતાશ્રી

તમારા અમુલ્ય અગણિત ઉપકારોના પરમ પ્રભાવે કરી હું ક્ષેમ કુશળ અહીં પહોંચ્યો છું. અહીં કુશળ છે, આપણી ક્ષેમ કુશળતાના પત્ર પાઠવી હર વખત સેવકને ઉપદેશ આપતા રહેજો.

પિતાજી! ઇંગ્લાંડ ઉપડતી વખતે મેં જે ખ્યાલ આ દેશ વિષે કર્યો હતો તેથી મેં ઘણુંજ વિશેષ જોયું છે. **પારીસનું વર્ણન** આહા!! હું તેનાં શું વખાણ કરૂં! આવી ખુબ સુરત નગરી આખી દુનિઆમાં નથી. તે જોઇ મારી નજર તો છકજ થઇ ગઈ. સૂર્યના તડકા સામું જોતાં આંખ જેમ અંજાઈ જાય છે, તેમ મારી આંખ અંજાઇ ગઇ. આપણા કવિઓએ ઇંદ્રાપુરી વર્ણન કર્યું છે. પણ તેઓએ આ પારીસ જોયું હોત તો તેનું વર્ણન વધારે સારી રીતે કરી શકત. જોતાં જોતાંમાં મને સંશય પેદા થાય કે આ ખરો દેખાવ છે કે ખોટો; હું ઊંઘમાં છું કે જાગૃત; આ નગરી માણસની છે કે દેવતાની; આવી રીતે મનમાં કેટલીક વાર થયા કર્યું. પારીસમાં રસ્તે રસ્તે કેવા ફુવારા અને સ્થંભો. કેવાં જગે જગે ઝાડો અને બાગો, કેવાં કાફીખાનાં, એક જોઈએ કે બીજું ભૂલી જઇએ, આ જોઇએ, કે તે જોઇએ જોતાં જોતાં મન ધરાય નહિ. ઘરોની રોણક દુકાનોની બહાર અને રસ્તાની ખુબસુરતી જોઇ જીવ ખુશ ખુશ થઇ જાય. રાતની વેળાએ આખી નગરીમાં મોટી રૂશનાઇ થાયછે. દીવાળીના તહેવારમાં રાતની વેળાએ જેવા આનંદથી આપણે ફરવા નીકળીએ છીએ તેથી વધારે આનંદથી લોકો નિત્ય ફરવા નીકળે છે. આપણી મુંબાઇની દીવાળી તો

આહીંની નિત્યની દીવાળીના વટાવમાં જાય.

લંડન શેહેર પણુ મોટુ અને ગંજાવર છે. તેમાં ૩૦ લાખ મા- ણુસની વસ્તી છે. હિંદુઓને ધર્મ જાળવતાં કશી પણુ હરકત આવતી નથી. અનાજ, શાક, દુધ વગેરે જોઈએ તે મળી શકે છે, મેં કયામડન ટૌનમાં એક ઘર ભાડે રાખેલું છે જેનુ ભાડું દર માસે ૧૦ પૌંડ એટલે દોઢસો રુપિઆ બેહું છે, મકાન શણુગાર અને સામાન સુદ્ધાં છે, એક ચાકરડી રાખવી પડી છે. તે ઘર સાફસુફ કરવાનું અને શાક બાજી લાવી આપવાનુ કામ કરે છે હું બારીસ્ટરની કોલેજમાં દાખલ થયો છું, કોલેજનો વડો પરદેશી પ્રત્યે બહુ પ્રિતી રાખે છે મને આંહી કોઈ જાતની હરકત આવે તેમ નથી. હવા પાણી પણુ માફક આવે તેવાં છે.

આપની તરફની સુખાકારીના પત્ર લખશો આનંદી બેનને મા- રા આશિષ કહેશો મારી માતુશ્રીને દંડવત. એજ.

લી. આજ્ઞાંકીત છોરૂ.

વડીલ ઉપરનો કાગળ ૧ લો.

(કાકા, મામા, માસી, મોટા ભાઈ વિગેરે ઉપર).

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે શુભો- પમા જોગ સદા શુભેચ્છક મુરબ્બી શા. તથા (ઘરનાં માણુસનાં નામ લખવાં) વિગેરે. એતાનશ્રી થી લી. આજ્ઞાંકીત શેવક શા. તથા (ઘરનાં માણુસનાં નામ લખવાં) ના દંડવત પ્રણામ'સેવામાં અંગીકાર કરશો. જત અત્રે આપની કૃપાથી કુશળ છે. તમારી કુશળતાનો પત્ર નો

લખેલો આવ્યો તે વાંચી ઘણો ખુશ થયો છું. વળી એજ પ્રમાણે પત્ર લખવાની કૃપા કરતા રહેશોજી.

બીજુ—(તેમણે માગેલી હકીકત લખવી) જેવી કે આપણી નાતમાં તડનું સમાધાન થયું નથી વિગેરે——બીજું—(જે હકીકત લખવી હોય તે લખવી) જેવી કે—અમે સર્વે ભાંડુ નિશાળે જઈએ છીએ વિગેરે——સંવત ૧૯૪૮ ના (માસ પક્ષ તિથિવાર લખવાં).

વડીલ ઉપરનો કાગળ ૨ જો.

(માસ્તર શેઠ, ગુરૂ, વિગેરે ઉપર.)

સ્વસ્તિ શ્રી   મહા શુભસ્થાને પુજ્યારાધ્યે અનેક સર્વે શુભોપમા જોગ પરમદયાળ પરોપકારી સદ્ગુણનિધાન વિવેકસાગર સદા શુભેચ્છક મુરબ્બી   તથા (ઘરનાં બીજાં માણસ) એતાન શ્રી   થી લી. આજ્ઞાકીત શેવક——ના સાષ્ટાંગ દંડવત પ્રણામ શેવામાં અંગીકાર કરશો. જત અત્રે આપની કૃપાથી કુશળ છે. આપની સુખશાંતીનો પત્ર બીલકુલ નથી તે તે લખવાને મેહેરબાની કરશોજી. બીજુ (હકીકત લખવી.) જેવી કે તમારો ઉપકાર મારા ઉપર ઘણો થયો છે તેથી પરમ કૃપાળુ પરમેશ્વર પાસે માગુંછું કે તમારૂ ભલુ કરો. સાહેબજી મુજ ગરીબને આપે સહાય ન આપી હોત તો હાલમાં મારી સ્થિતિ છે તેવી કદી આવત નહિ. માટે આપની કૃપાથીજ હું હાલનું સુખ ભોગવું છું. તેથી આપનો ઉપકાર મારાથી કેમ ભૂલાશે. વિગેરે—એજ વિનંતી. સંવત ૧૯૪૮ ના (માસ, પક્ષ, તિથિ, વાર લખવાં).

—o—

મિત્ર ઉપરનો કાગળ

(દેશી રીતે.)

સ્વસ્તિશ્રી   મહાશુભસ્થાને પુજ્યારાધ્યે સદ્ગુણુ નિધાન વિવેક સાગર અનેક સર્વે શુભોપમા જોગ પરમસ્નેહી ભાઈ   તથા (તેના ઘરનાં બીજાં માણસનાં નામ)
તથા (બીજા મિત્ર મંડળનાં નામ) વિગેરે એતાનશ્રી
થી લી. તમારા પ્યારનો અભિલાષી પા.   તથા (પોતાના ઘરનાં માણસનાં નામ લખવાં) તથા (મિત્ર મંડળનાં નામ લખવાં)ના પ્રણામ શેવામાં અંગીકાર કરશો જત અત્રે સર્વે કુશળછે તમારી સુખાકારીનો કાગળ નથી તેથી ઘણી ફિકર થાય છે. માટે લખશો શાથી કે કાગળ આવેથી જીવને મળ્યા જેટલો હરખ થાયછે બીજુ (જે હકીકત લખવી હોય તે લખવી)   જેવી અમારે માટે આટલી આટલી ચોપડીઓ અગર ચીજો જેમ બને તેમ તાકીદથી ટપાલ માર્ગે મોકલાવશો વિગેરે—બીજુ હેત ભાવ રાખોછો તેથી વિશેષ રાખજો તમારૂં હેત ઘડી એક વીસરે એવું નથી. ગુણવંતને ઘણું શું લખીએ થોડું લખ્યું ઘણું કરી માનજો. કાગળ લખવાનું આળસ રાખશો નહિ એજ વિનતી. સંવત ૧૯૪૮ ના (માસ, પક્ષ, તિથિ, વાર લખવાં.)

મિત્ર ઉપર કાગળ બીજો (અંગ્રેજી રીતમાં.)

વઢવાણ તા. ૧૭-૧૦-૯૧ શનિવાર.

પરમપ્રિય હેતસ્વી હીરા દીલોજાન મિત્ર તથા અખંડ સૌભાગ્યવંતાં ભાભી અને નેત્રમણી (છોકરાંનાં નામ).

મુ. અમદાવાદ.

જત અત્રે પરમ દયાળુ પરમાત્માની સાહ્યતાથી અને તમ સરખા મિત્રની આશિષથી સુખસાતામાં છું. તમારી કુશળતાનો પત્ર ઘણા દિવસથી નથી માટે દિલગીરી થાય છે, તેથી લખશોજી.

ભાઇજી—(હકીકત લખવી જેવી કે) હાલમાં તાવનો ઉપદ્રવ ઘણો છે, તેમાં હું તથા તમારાં ભાભી સપડાયાં છીએ. છોકરાં સારાં છે મારો તાવ ગયો છે. વિગેરે—

આજરોજ તમારા ઉપર રૂ. ૨૫) નો મનીઑાડર મોકલાવ્યો છે, તેની વ્યવસ્થા નીચે મુજબ કરજો.

રૂ. ૨૦) વીશ રૂપિઆ. રા. સા. મહીપતરામના ફંડમાં તમારી મારફત મેં અગાઉ ભરાવ્યા હતા, તે મુરબ્બી. ખુશાલદાસભાઈને ત્યાં ભરી દેશો.

રૂ. ૫) નો મુગટો ૧) એ અગર પુણીએમજી તમારી મરજી માફક લેઇ કોઇ આવતા જતા માણસની જોડે મોકલાવશો. પણ માલ ઘણોજ સારો લેશો.

હિસાબ બિડશો. પ્રિતિમાં વધારો કરશો.

લી. મળવાને આતુર શેવક

ના ધન્ઢારંત.

સાધારણ માણસ ઉપરનો કાગળ.

સ્વસ્તિ શ્રી   મહાશુભસ્થાને, પુજ્યારાધ્યે અનેક સર્વે શુભોપમા લાયક વિવેક સાગર શા.   એતાન શ્રી   થી લી. શા.   ના (જેગોપાળ, નમસ્કાર કે સલામ) વાંચજો જત અત્રે કુશળ છે તમારી કુશળતાના કાગળ બે, તે મધ્યે એક જેઠ વદ ૫ નો, ને બીજો વદ ૧૨ નો લખેલો આવ્યો તે પહોચ્યા છે, વળી એજ પ્રમાણે લખતા રહેજો.

બીજું (જે હકીકત લખવી હોય તે લખવી જેવી કે) તમારી મગાવેલી "વનરાજ ચાવડો" નામની ચોપડી લેઈ આજરોજ ટપાલમાં બુકપોસ્ટ કરી રવાને કરી છે તે આ કાગળ સાથે મળશે. વિગેરે પ્રિતિમાં વધારો કરશો, કામકાજ લખશો એજ વિનંતી. સંવત ૧૯   ના (માસ, પક્ષ, તિથિ, વાર,) લખવાં.

—o—

દીકરા ઉપર કાગળ

સ્વસ્તિ શ્રી   મહાસુભસ્થાને, વિવેકસાગર ચિરંજીવી.   વી   તથા (બીજાં નામ લખવાં) એતાન શ્રી   થી લી. શુભેચ્છક શા.   તથા (બીજાં નામ લખવાં) ના આશિર્વાદ વાંચવા જત અત્રે સર્વે ખુશી આનંદમાં છે, તમારી સુખાકારીનો કાગળ ફાગણ શુદ ૨ નો લખેલો આવ્યો તે વાંચી આનંદ પામ્યો છું. વળી એજ રીતે કાગળ લખતા રહેવું. બીજુ (જે હકીકત લખવી હોય તે લખવી જેવી કે) તમે અભ્યાસ કરવાને ગયા છો માટે તે કામ કરવું. નહારા છોકરા-

ની સોબત કરવી નહિ, ને નકામા પૈસા ને કાળ ગુમાવવો નહિ. વધારે લખવું પડે એમ નથી વિગેરે સંવત ૧૯ ના (માસ, પક્ષ, તિથિ, વાર, લખવાં,)

ઉતરતાના ઉપરનો કાગળ.

(ભાણેજ, ભત્રિજો, નાનોભાઇ, ગુમાસ્તો વિગેરે)

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને, અનેક સર્વે શુભોપમા લાયક વિવેકસાગર. તથા (બીજાં નામ) એતાન શ્રી થી લી. શુભેચ્છક શા. તથા (બીજાં નામ,) વિગેરેના આશિર્વાદ વાંચજો. જત અત્રે કુશળ છે, તમારો સુખાકારીનો કાગળ જેઠ વદ ૫ નો લખેલો આવ્યો તે વાંચી આનંદ થયો છે, વળી સંભારીને ભલાઈના કાગળ લખજો જેથી સંતોષ ઉપજે.

બીજુ—(જે હકીકત લખવાની હોય તે લખવી જેવી કે) તમ સરખા અકલવાનને વધારે લખવું પડે એમ નથી, માટે પરદેશમાં સારી સોબત કરજો, અને લુચ્ચા, ઠગ અને મીઠાબોલા આસામીથી સાવચેત રહેજો વિગેરે. સંવત ૧૯ ના (માસ, પક્ષ, તિથિ, વાર, લખવાં,)

કંકોત્રી.

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને, પુજ્યારાધે અનેક સર્વે શુભોપમા લાયક શા. તથા (બીજાં નામ) એતાન શ્રી થી લી. શા. ના (જેગોપાળ) વાંચજો. બીજુ લખવા કારણ એ છે જે અમારા

ભાઇ   નું શુભ લગ્ન (માસ, પક્ષ તિથિ, વાર) નું નીર્ધાર્યું છે, તે ઉપર સાથ સર્વેને તેડી વેહેલા પધારજો. તમો આવેથી મંડપની શોભા રૂડી દેખાશે એજ વિનંતી. સંવત ૧૯   ના (માસ, પક્ષ, તિથિ, વાર, લખવાં.)

મરણ બાબતનો કાગળ (કાળે.ત્રી).

(વૃદ્ધની)

ગામ વેહેલાળ મધે પા. દોલાભાઇ દેસઇભાઇ તથા પા. મગનભાઈ સામળભાઈ વગેરે. જોગ ગામ કણભેથી લી. પા. દેસઇ બાપુજીના રામ રામ વાંચજો. જત લખવા કારણ એ છે જે અમારા કાકા પા. વરજભાઇ નથુભાઇ સંવત ૧૯૪૮ ના મહા સુદી ૫ ને વાર સોમવારે દેવલોક પામ્યા છે. તે જાણજો. તેમનું ખર્ચ મહા વદી ૭ ને વાર સનેઉનું છે, તે ઉપર સાથ સરવેને તેડી પધારજો. એજ સંવત ૧૯૪૮ ના માહા સુદી ૭.

(જુવાનની)

ગામ દેહેગામ મધે પા. મનોરભાઇ મીઠાભાઇ તથા પા. મથુરભાઇ મકાભાઈ વગેરે. જોગ ગામ કણભાથી લી. પા. બાવાભાઇ ગોવીંદભાઇના રામ રામ વાંચવા. જત લખવા કારણ એ છે જે અમારા ભાઇ વીઠ્ઠલભાઈ ગોવીંદભાઇ સંવત ૧૯૪૮ ના ચઇતર સુદી ૨ ને વાર ગુરૂવારે દેવલોક પામ્યા છે તે ઘણું માઠું થયું છે, પણ શ્રી રામજીને ગમે તે ખરૂ. સંવત ૧૯૪૮ ના ચઇતર સુદી ૫.

ભાગ ૩ જો.

દસ્તાવેજમાં લખવા જેવી બાબતો.

૧. સંવત, માસ, તિથિ, વાર, તારીખ, માહે, સન.

૨. દસ્તાવેજ લખાવી લેનારની અટક-નામ, ને રહેવાનું ઠેકાણું (કેટલાકમાં ઉમ્મર, જ્ઞાત, કસબ, લખાયછે.)

૩. દસ્તાવેજ લખી આપનારની અટક, નામ, ને રહેવાનું ઠેકાણું (કેટલાકમાં ઉમર, જ્ઞાત, કસબ, લખાયછે.)

૪. અંગાઉ ખતમાં રૂપિઆનો આંકડો, અને વ્યાજનો દર, અને જુમલે માસ એકનું વ્યાજ.

૫. રૂપિઆને પેટે કાંઇ અવેજ હોય તો તે જણાવવો. अ. જંગમને માટે તેનું વર્ણન, તોલ, માપ, રંગ, ડોળ, વીગેરે જે લાગુ પડે તે લખવું.

ब. સ્થાવર હોય તો ગામ, મહોલો અથવા શેરીનું નામ, ચતુર સીમા (ખૂટ), માપ, સરકારમાં નોંધાએલો નંબર, તાલુકો, જીલ્લો, વીગેરે લાગુ પડતું લખવું.

૬. મીલકત કેવી સરતે આપી (વેચાણ કે મોરો) ને લીધેલા રૂપૈયાનો આંકડો.

૭. વેચનારને વેચવાનો હક શાથી છે તે, અને તેને લગતા દસ્તાવેજ હોય તે જણાવવા.

૮. વેચનાર માણુસનો કોઇ પ્રકારનો હક રહે છે કે નહીં તે ખુલ્લું જણાવવું.

૯. વેચાણ કરેલી મીલકતમાંથી વેચાણ રાખનારને કાંઇ જડે

તો તે ઉપર કોનો કેટલો હક છે તે લખવું.

૧૦ વેચાણ આપેલી ગીલકતના જે હકો હોય તે જણાવવા. (જેવા કે પાણીનો નીકાલ, જવા આવવાનો મારગ, કુવા, ઝાડ વીગેરે ઉપર હક હોય તે.)

૧૧. દસ્તાવેજ કેટલી મુદતને માટે કરેલો છે તે સપષ્ટ લખવું. (જેમકે ભાડાચીઠ્ઠી, ગીરોખત, વીગેરેમાં.)

૧૨. દસ્તાવેજ લખતી વખતે લખી આપનારની તબીયત કેવી હતી તે લખવું.

૧૪. દસ્તાવેજ લખી આપનારનું મતુ, સહી અથવા નિસાન તેના હાથેજ કરાવવું.

૧૪. દસ્તાવેજના ખરાપણા માટે આબરૂદાર માણસની સાક્ષી તથા લખીતંગની સાક્ષી કરાવવી.

દસ્તાવેજમાં આવતા કઠણ શબ્દના અર્થ.

કરજાઉ—કોઇની પાસેથી વ્યાજે લીધેલું નાણું.

આદેઆંગ—લખાવી લેનાર પહેલો માણસ.

હસ્તા ખરણ દતવા—હાથ દસકતથી લખી આપેલું દેવું.

જત—જે જે કાંઈ લખવું હોય તે જોડેનો સબંધ.

આંગ ઉધાર—માલ ગીલકત કે જણસ, સાનમાં રાખીને નહીં, પણ વચન સાખ ઉપર અથવા ચીઠી લખાવી ધીરે તે.

જાત ગીલકતથી—જાતથી તથા મીલકતથી.

વાલીવારસ—છોરાં અથવા મુવા પછી દોલતનો ભોગવટો કરનાર.

વસુલ—ગામતાના પેટે જે નાણાં ભરાય તે.

તબીયત ખુશાલ—અકલ હુશીઆરી.

હસ્તાક્ષર દસ્તાન—હાથના અક્ષરથી લખી આપેલું.

એકાગત એકાજત—ઘણાં ગતાં કરનાર પૈકી એક જણ.

બાપના બોલ—બાપનું બોલેલુ.

કાંધાખત—હપતા કરી ખત લખવું તે.

સાનખત—અનેજમાં આપેલી ચીજ બાબતનો લેખ.

ખુંટ --ચારે દિશાની હદ, ચતુર સીમા.

ઉપર દળ—જમીન ઉપરની ભીંતો તથા કાટગાળ.

ચાલચોક—ફરવા હરવાનો રસ્તો તથા ઘર આગળની છુટી જમીન.

વેચાણ—કીંમત લેઈ (ઘર વીગેરે) મીલકત વેચવી તે.

રીવીઝંનસરવાઇ—સરકારે ફરીથી જમીન આપેલી તે.

કાલવેરી—કાળી (ભેંસના રંગનું નામ).

વિગત—તપસીલ અથવા બાબતવાર.

અંગારૂ—શરીર ઉપર.

વાસ્તેવંગ—રહેવાસી.

જોગ.—પ્રતે.

મજમલે—એકઠા, એકંદર

અગર—અથવા.

જ્ઞાતે—નાતે.

વ્યાજવરા—વ્યાજ વિગરે ધીરધાર

દેવધર્મ—પોતાનો ધર્મ.

મતું—સહી.

શાખ—શાહીદી.

વર્ષે—વરસમાં.

પારસાત—પાસેથી.

લી.—લખી આપનાર

બાધા—બાંધ્યા અથવા એકઠા.

પાવતી—પહોંચ.

કસબ—ધંધો.

ગજકુર—ઉપર બતાવેલું.

અત્ર—અહીંઆં.

તત્ર—ત્યાં.

ખડે—અટકે.

સાનમાં—અવેજમાં અથવા સાટે. સદરહુ—ઉપર જણાવેલું.
દીલસાબીતી—સાફ દીલથી. રૂએ—રીતે.
શેરી—ફળીયું. બાપુકી—બાપની.
રાજમારગ—ધોરી રસ્તો. નેવ ચુએ છે—નેવ ટપકે છે.
મુજબ—રીત પ્રમાણે. પત્યા—પહોચ્યા.
મીરે—ઘરાંણીયું. કિત્તો—ખેતરનો ભાગ.
આલાખો—હક, સંબંધ, દાવો. જીલ્લા ટુકડી—જીલ્લાનો ભાગ.
પેટા ટુકડી—પેટાનો ભાગ. પૈકી—તે મધેની.
સણંદીયું—સણંદ મળેલું-સરકારમાંથી તે બાબતનો લેખ મળેલો.
વિક્રિત—વેચાણ. અભૂગકુલ—દાવા વગરનું.
નિભ્રાંત—વહેમ વિનાનું. ખરીફ—ચોમાસુપાક વરસાદથી થયેલો પાક.
સાંથ—ગણોત-ખેતરનું ભાડું. ગણોત—સાંથ-જમીનનું ભાડું.
ભાડાચીઠ્ઠી—ભાડે આપેલાનો દસ્તાવેજ.
ફારગતી—પહોંચ-લેણુ દેણુથી છૂટવાનો લેખ.
વીલ—વારસનામું. જઈફ—ઘડપણ.
વ્યવસ્થા—ઘટતી ગોઠવણ, બંદોબસ્ત.
સ્થાવર મીલકત—સ્થીર મીલકત-એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ ન જવાય તેવી મીલકત.
જંગમ મીલકત—ઉપાડી શકાય તેવી દોલત.
કરાર—કબુલાત, વચન, પાકો વિચારનો લેખ.
ઠરાવ—નિશ્ચય કર્યાનો, બંદોબસ્ત કર્યા બાબતનો લેખ.

અંગાઉ (કરજાઉ) ખત.

સંવત ૧૯૪૭ ના વર્ષે આશાડ શુદી ૫ ને વાર   તા. ગાહે સને ૧૮૯૧ ના અંગ્રેજી દીને, આદેઅંગ મોજે બારેજા તાલુકે દસ-ક્રોઇ વાસ્તેવંગ શા. પરસોતમદાસ હરજીવનદાસ પારસાત જોગ લી. એકગામ વાસ્તેવંગ પા. નાથાભાઇ જેઠાભાઇ. હસ્તાખરાણુ દતા-જત અંગઉધાર રૂા. ૫૦) અંકે રૂપીઆ પચાશ પૂરા રોકડા મું-બાઈગરા લીધા છે તે દેવા. તેનું બ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડો દોઢ છૂટો ચઢે મજમલે માસ એકના દોકડા પંચોતેર બાધા ચઢે તે દેવા.

આ ખતમાં લખેલા રૂપીઆ તથા તેના બ્યાજના રૂપીઆ, દીવાળીબાકીના હિસાબે ગણીને જ્યારે તમો માગો ત્યારે આપીએ. ગામ પરગામ તથા દેશપરદેશ આપીએ. અમારી જાતમીલકતથી તથા વાલીવારસથી પૂરા કરી આપીએ.

આ ખતને પેટે જે કાંઇ વસુલ આપીએ, અગર કોઇ પાસે અપાવીએ તે આ ખતમાં વસુલ ભરાવીને અગર જૂદી પા-વતી લઇને આપીએ. આ ખત અમોએ અમારી રાજીખુશીથી તથા તબીયત બહાલથી લખી આપ્યું છે તે અમારે કબુલ મં-જુર છે.

અત્ર. મતુ.	તત્ર. સાખ.
૧ પા. નાથાભાઇ જેઠાભાઇનું મતુ. દા. પોતાના.	૧ શા. પ્રેમચંદ કરમચંદ શાખ ધણી બેહજુર દા. પોતાના.
	૧ .

લી. ભટ છગન કીરપારામ.

અંગાઉ ખત ૨ જું.

સંવત ૧૮૪૭ ના વર્ષે અષાડ વદી ૬ ને વાર તા. માહે સને ૧૮૯૧ ના અંગ્રેજી દીને, શા. મોતીલાલ વ્રિજભુખણદાસ ન્યાતે દશાશ્રીગાળી વાણીઆ કસબ વ્યાજવરાનો ર. હેવાશી શેહેર અમદાવાદમાં ચંગોળમાં પાડાપોળના. પારસાત જોગ લી. શા. મનસુખ મગનલાલ ન્યાતે વિશા પોરવાડ વાણીયા કસબ ગુમાસ્તીનો રહેવાશી મજકુર શેહેરમાં શાહાપુર ચકલામાં મંગળ પારેખના ખાંચાના. હસ્તાક્ષરદતાન જત અંગઉધાર રૂ. ૧૨૫) અંકે એકસોને પચીશ રૂપીઆ રોકડા મુંબાઈગરા લીધા છે તે દેવા, તેનું વ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડા પુણા લેખે ચઢે, મજમલે માસ એકના દોકડા પોણી ચોરાણું બાધા ચઢે તે દેવા.

આ ખતમાં લખેલા રૂપીઆનું વ્યાજ દીવાળીબાકીના હિસાબે અધિક માસ સુદ્ધાં ગણીને આપીએ. મુદલ તથા વ્યાજના રૂપીઆ જ્યારે ધણી માગે ત્યારે ગામ પરગામ, દેશપરદેશ. અમારી જાત મીલકતથી તથા વાલીવારસથી પુરાકરી આપીએ. આ ખત સિવાય બીજું રૂ. ૪૦) નું ખત સંવત ૧૯૪૬ ના જેઠ શુદી ૫ ને દીને લખી આપ્યું છે તે ખરૂં છે. અને તે દેવું આ ખતથી જુદુ છે. આખત અમોએ અમારી રાજી ખુશીથી તથા અકલ હુંશીયારીથી લખી આપ્યું છે, તે અમે અમારા દેવ ધર્મ સાથે પાળીએ સહી.

અત્ર. મતુ	તત્ર શાખ.
૧ શા. મનસુખ મગનલાલ	૧ શા. ચુનીલાલ ઝવેરચંદ.
મતુ. દા. પોતાના	સાખ ધણી બેહજુર
	૧ લી. સા. છગન ઝવેર.

અંગાઉ ખત ૩ જું.

સંવત ૧૯૪૭ વર્ષે અષાડ શુદી ૧૫ ને વાર તા. માહે સને ૧૮૯૧ ના અંગ્રેજી દીને, શા અમરચંદ લક્ષ્મીચંદ રહેવાશી મોજે કુકા તાલુકે દસક્રોઇના ગામના, ગારસાત જોગ લી૰ પગી. ગોબરજી ભાથીજી તથા પગી ચેસરાજી હીરજી જણ બે રહેવાશી મોજે ચાંદીએલ તાલુકે દસક્રોઈના ગામના; હસ્તાખરાણ દલાજત અંગઉધાર ૩૮૦) અંકે એંશી રૂપીઆ પાછલા ખત તથા ખાતાનો હિસાબ કરી આજરોજે નક્કી કર્યા તે દેવા. તેનું બ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડો સવા છટો ચઢે, મજમલે માસ એકના દોકડા સો બાધા ચઢે તે દેવા.

આ ખતમાં લખેલા રૂપીઆનું બ્યાજ દીવાળી બાકીના હિસાબે ગણી આપીએ. મુદલ તથા બ્યાજના રૂપીઆ જયારે ધણી માગે ત્યારે દેવા, ગામ પરગામ તથા દેશ પરદેશ દેવા. એકાગત એકાજત દેવા તે અમો અમારી જાતમીલકતથી તથા વાલીવારસથી પુરા કરી આપીએ.

આ ખતને પેટે જે કાંઈ વસુલ આપીએ અપાવીએ તે આ ખતમાં વસુલ ભરાવીને આપીએ, આ ખત અમોએ અમારી રાજીખુશીથી તથા અકલ હુશીઆરીથી લખી આપ્યું છે તે બાપના બોલ સાથે પાળીએ.

અત્ર મતુ	તત્ર શાખ
૧ પગી. ગોબરજી ભાથીજી નુ મતુ. દા. પોતાના.	૧ શા. મોતીલાલ મગનલાલની શાખ ધણીએ હજુર.
૧ પગી. ચેસરાજી હીરાજી નુ મતુ દા. પગી. ગોબરજી ભાથીજીના.	૧
	૧ લી. જોશી. દેવાશંકર ઉમેદરામ.

જમાનીખત.

સંવત ૧૯૪૮ ના વર્ષે જેઠ શુદી ૭ ને બુધવાર તા૦ ૧ લી ગાહે જુન સને ૧૮૯૨ અંગ્રેજી દીને, ગામ નરોડાના પટેલ જેસંગદાસ ધરમદાસ. પારસાત એકગામ વાસતેવંગ વ્યાસ. જગજીવન ઉમેદ. હ૦ સ્તાક્ષર દતવાજત અંગઉધારે રૂ. ૫૦) અંકે પચાસ રૂપીઆ પુરા રોકડા મુંબાઇગરા લીધા છે તેનુ વ્યાજ માસ ૧) રૂ ૧) દોકડા ૦॥ લેખે ચઢે. મજમહે માસ ૧ ના દોકડા ૩૦॥ વ્યાજના વધારે ચઢે તે દેવા. આ રૂપીઆના વ્યાજના જમાન વ્યાસ. વીઠલદાસ તુલસીદાસ થયા છીએ તે આપે અપાવીએ છૂટીએ. ઉપર લખેલા રૂપીઆ તથા વ્યાજ અમો અમારી જાતમીલકતથી તથા વાલીવારસોથી એકામત એકાજાત પૂરા કરી આપીએ. જયારે તમો માગો ત્યારે આપીએ દેશ પરદેશ આપીએ, આ ખતમાં વસુલ આપીએ તથા કોઈ પાસેથી અપાવીએ તો આ ખત નિચે ભરાવીને આપીએ. આ રૂપીઆનુ વ્યાજ દીવાળીબાકીના હીસાબે ગણીને અધિક માસ સુદ્ધાં આપીએ. આ જમાની ખત અમારી રાજીખુશીથી તથા અકલહુંશીઆરીથી તથા દીલ સાબેતીથી લખી આપ્યું છે તે અમારે બંનેને કબુલ મંજુર છે.

૧ અત્ર. મતુ.	૧ તત્ર. શાખ.
૧ વ્યાસ જગજીવન ઉમેદનું મતુ. દા. પોતાના.	૧ શા. દેવચંદ ધરમચંદની શાખ. દા. પોતાના.
૧ ના. જમાનીદાર વ્યાસ. વિઠલ તુલસીદાસનું મતુ. દા. પોતાના.	૧ પા. અંબારામ વીઠલદાસની શાખ. દા. પોતાના.
	લી૦ ઠક્કર જીવરાજ ગણેશ.

કાંધાખત.

સંવત ૧૯૪૭ ના વર્ષે શ્રાવણ શુદી ૨ ને વાર
તા.   માહે   સને ૧૮૯ ના અંગ્રેજી દીને, શા. નરોત્તમ ખેમચંદ રહેવાશી મોજે માતર તાલુકે આમોદના ગામના, પારસાત જોગ લી. પગી વસ્તાજી ઝુમાજી રહેવાસી મજકુર તાલુકાના તેલોદ ગામના. હસ્તાખશણ દતવાજત અંગઉધાર રૂા. ૪૦) અંકે રૂપીઆ ચાળીશ પુરા રોકડા મુંબાઇગરા અમારા ગામના પટેલ. અજુભાઇ વિઠ્ઠલભાઈની ભેંસ લેવાને લીધા છે તે, તથા કાંધાના વધારાના રૂા. ૪) મળી કુલ રૂપીઆ ચુવાળીશ દેવા. તેનાં કાંધાં એવી રીતે કર્યાં છે કે દર માસે રૂપીઆ ચાર અમો તમારે ત્યાં ભરીએ ને માસ અગીઆરે પુરા કરી આપીએ, જો કાંધા ન ભરીએ તો સામટા સંવત ૧૯૪૮ ના પોષ વદી ૨ દીને રૂપીઆ આપીએ. રૂપીઆ ખડે તો રૂપીઆ એકે માસ એક દોકડા સવા લેખે વ્યાજ ગણી આપીએ. આ નાણાં અને વ્યાજની સાનમાં અમારી સદરહુ ભેંસ કે જે રંગે કાળવેરી છે તે લખી આપી છે. તમારા રૂપીઆ, સાનમાં લખેલી મીલકતથી તથા અમારી જાત મીલકતથી તથા વાલીવારસથી વસુલ કરી લ્યો. કાંધાના જે રૂપીઆ ભરીએ તે આ ખતમાં વસુલ કરાવીને આપીએ. આ ખત અમારી રાજી ખુશીથી તથા દીલ સાબીતીથી લખી આપ્યું છે તે અમારે કબુલ મંજુર છે.

અત્ર. મતું	તત્ર. શાખ.
૧ પગી. વસ્તાજી ઝુમાજીનું મતુ દા. પંડયા નરોત્તમ જેશંકરના. મતુ ધણીના કહ્યાથી કર્યું છે.	૧ પા. તરભોવન હીરદાસની શાખ દા. પોતે
	૧ શા. હીમચંદ નાનચંદની શાખ દા. પોતે

લી. ઠકર ભગવાન બેહેચર.

કાંધાખત બીજું

સંવત ૧૯૪૭ ના વર્ષે શ્રાવણ શુદ ૧૦ ને વાર   તા. માહે   સને ૧૮૯   ના અંગ્રેજી દીને. આદે અંગ શા. માનાચંદ હકમચંદ રહેવાશી મોજે અસીંદ્રા તાલુકે માતરના ગામના પારસાત જોગ લી. એકગામ વાસ્તેવંગ ઠકર. વનમાળી ગીરધર. હસ્તાખરાણુ દસ્તાવજલ અંગકેવાર રૂ. ૩૪૦) અંકે રૂપીઆ ચાળુસોને ચાળીશ પાછલા ખત તથા ખાતાની રૂએ લેણાનો તમામ હિસાબ કરી નક્કી કર્યા છે તે દેવા. તેનાં કાંધાં નીચે મુજબ કર્યાછે તે પ્રમાણે ચઢેચઢતા કાંધાનાં રૂપીઆ તમને આપીએ સહી. કાંધુ ખડે તો માસ એકે રૂપીઆ એકે દોકડો સવા છુટો ચઢે તે ભરી પુરી આપીએ. કાંધાની વિગત નીચે મુજબ.

રૂ ૭૫) અંકે પંચોતેર રૂપીઆ સંવત ૧૯૪૮ ના ચઈતર શુદી ૨.
રૂ ૭૫) અંકે પંચોતેર રૂપીઆ સંવત ૧૯૪૯ ના ચૈતર શુદી ૨.
રૂ ૭૫) અંકે પંચોતેર રૂપીઆ સંવત ૧૯૫૦ ના ચૈતર શુદી ૨.
રૂ ૭૫) અંકે પંચોતેર રૂપીઆ સંવત ૧૯૫૧ ના ચૈતર શુદી ૨.
રૂ ૪૦) અંકે ચાળીશ રૂપીઆ સવત ૧૯૫૨ ના માગસર શુદી ૧૫

ઉપર મુજબ કાંધાં કર્યાં છે તેના તથા કાંધુ ખડે વ્યાજના જે રૂપીઆ થાય તે અમો અમારી જાત મીલકતથી તથા વાલીવારસથી પુરા કરી આપીએ.

આ ખતને પેટે જે કાંઈ વસુલ આપીએ અગર કોઇ પાસે અપાવીએ. તે આ ખતમાં વસુલ ભરાવીને અગર જુદી પાવતી લઈને, આપીએ આ ખત અમોએ અમારી રાજી ખુશીથી તથા દીલ સાબીતીથી લખી આપ્યું છે તે બાપના બોલ સાથે પાળીએ.

આંક	મતુ	તત્ર	શાખ.
૧૯કર	વનમાળી ગીરધરનું મતુ દા. પોતાના.	૧ પા. માનચંદ મોરારદાસની શાખ દા. પોતે. ૧ શા. મલાણચંદ હરચંદની શાખ દા. પોતે. લી. શા. મગનલાલ હરખચંદ.	

સાનખત.

સંવત ૧૯૪૭ ના વર્ષે શ્રાવણ વદી ૨ ને વાર તા. માહે સને ૧૮૯૧ ના અંગ્રેજી દીને. આદેઅંગ મોજે બારેજા તાલુકે દસક્રોઇ વારતેવંગ પા. અજુભાઇ જીજીભાઈ. પારસાત જોગ લી૦ એકગામ વારતેવંગ પા. નરોત્તમ રણછોડભાઇ. હસ્તાખરાણ દતલાજત અંગ ઉધાર રૂ. ૧૯૯) અંકે રૂપીઆ એકસો નવાણુ પૂરા મુંબાઇગરા રોકડા લીધા છે. તેનું વ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડા ૦।। લેખે ચઢે. મજમલે માસ એકના દોકડા એકસો સવા ઓગણપચાશ બાધા ચઢે તે બારી પુરી આપીએ.

આ ખતના રૂપીઆ તથા તેના વ્યાજની સાનમાં અમારા બાપુકી મીલકતમાંનું ઘર નંગ ૧) મજકુર ગામમાં વાસણુદાની શેરીમાંનું જેમાં અમો રહીએછીએ તે તમોને લખી આપ્યું છે, તેના ખુટની વિગત.

પૂર્વ દિશામાં આ ઘરનું બારણું આ ઘરના તાબાની માંડવીમાં પડે છે. માંડવીની આગળ આ ઘરના તાબાની ખુલી જમીન છે તેમાં ઢોર બંધાય છે તે પછી રાજમાર્ગ છે.

પશ્ચિમ દિશાએ આ ઘરની પછીત છે તે આગવી છે, અને તે પા. મોહનભાઇ મથુરભાઈના ઘરના આંગણાની છૂટી જમીનમાં પડે છે. ને તે પછીતે નેવ ચુવે છે.

ઉત્તર દિશાએ આ ઘરનો કરો પા. વેહેરીભાઈ મકનદાસના ઘરની સાથે સહીઆરો છે.

દક્ષિણ દિશાએ આ ઘરનો કરો છે તે આગવો છે, અને તે પા. દાજીભાઇ વહાલદાસના ઘરમાં પડે છે.

એ રીતે ખુંટ ચાર વચલુ ઘર જમીન ઉપર દળ સુધ્ધાંતનું ચાલ ચોક અસલ હદ મુજબનું તમોને અમોએ સાનમાં લખી આપ્યુ છે. આ ઘર અમોએ તમારા સિવાય કોઇને સાનમાં લખી આપેલું નથી તેમજ તમારા રૂપીઆ પત્યા સિવાય અમારાથી આ ઘર કોઇને ત્યાં ગીરો મૂકાય નહીં તથા વેચાણ કરી શકાય નહીં. સાનમાં લખેલી મીલકતથી તથા અમારી જાતથી તથા હરેક મીલકતથી તથા અમારા વાલી વારસથી તમો તમારા આ ખતના રૂપીઆ વસુલ કરી લ્યો આ ખતને પેટે જે કાંઇ વસુલ આપીએ અગર અપાવીએ તે આ ખતમાં વસુલ ભરાવીને અગર જુદી પહોચ લઇને આપીએ. આ ખત અમોએ અમારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી લખી આપ્યું છે તે અમારા બાપના બોલ સાથે પાળી એ સહી.

અત્ર મતુ	તત્ર શાખ.
૧ પા. નરોત્તમ રણછોડભાઇનું મતુ દા. પોતાના.	૧ શા. નગીનદાસ ગીરધર સાખ ધણી બે હજુર.

૧

લી. તલાટી હરીવલ્લભ પરભુદાસ.

ગીરો ખત.

સંવત ૧૯૪૮ ના વર્ષે ચૈત્ર શુદી ૩ ને સુક્રવાર તા. ૧૫ મી માહે અપ્રેલ સને ૧૮૯૨ ના દીને. પા. મોહનલાલ પરભુદાસ રહેવાસી મોજે નરોડા તા. દસક્રોઇના ગામના. જોગ લી. પા. મોતીલાલ વરજલાલ રહેવાસી મોજે હાંસોલ પ્રગણે ગજકુરના ગામના. જત અમારા બાપીકી મીલકતનું ખેતર નંગ ૧. મોજે નરોડા તા. દસક્રોઈના જીલ્લા ટુકડી તથા પેટા ટુકડી અમદાવાદના ગામની સીમમાં. સરવાઇ નંબર ૮૨૦ ને રીવીઝન સરવાઈ નંબર ૧૦૨૧ નું. એકર ૮–૬ ગુંઠાનું તે મધેથી અમારા ભાગનું એકર ૪–૩ ગુંઠાનું સણુંદીયુ કીતે બાવાવાળું તે ખેતરમાં પ્રથમ અમારા બાપ વાવેતર કરતા ને હાલમાં અમો વાવેતર કરાવીએછીએ તે અમારા તાબા કબજાનું તેના ખુંટની વીગત. પૂર્વે—મોર. વહાલાભાઈ શંભુરામનું ખેતર છે. પશ્ચિમે--પા. કાળીદાસ ગીરધરદાસનું ખેતર છે. ઉત્તરે—બ્યાસ. જગંનાથ પરસોતમનું ખેતર છે. દક્ષિણે—ગોરી રાસજી જેઠુંજીનું ખેતર છે.

એ રીતે ખુંટ ચાર વચલું ખેતર તેમાં પૂર્વ દિશાને છેડે આંબો નંગ ૧ તથા દક્ષિણું દીશાને છેડે મહુડા નંગ ૨ છે તે સુદ્ધાંતનું. અમોએ તમોને ગીરો આપ્યું છે. તેના ઉપર અમોએ રૂપીઆ ૨૦૦) અંકે બસેં સુંબાઇગરા લીધા છે. તેની અવધ વરસ પાંચની કરી છે. મુદત પુરી થએ તમો માગો તે વખતે રૂપીઆ આપીને ખેતર તથા ઝાડ અમારે તાબે લઈએ. તમે માગો તે વખતે રૂપીઆ ના આપીએ તો ઉપર લખેલી મીલકતથી તથા અમારી બીજી મીલકતથી તથા અમારા વાલી વારસોથી ગમે તે પ્રકારે વસુલ કરી લેયો. આ રૂપીઆનું બ્યાજ નહીં, ને ખેતરનો વજે નહીં. આ ખે.

તર તમો ખેડો ખેડાવો અગર આડ ગીરો મુકો તેમાં અમો હરકત કરીએ નહીં, તથા ઝાડનો જે રોજ આવે તેપણુ તમે લ્યો. દૈવયોગથી ઝાડ પડે તો તેની જે કીંમત ઉપજે તે તમારા ગીરોખતને પેટે જ મે કરો. આ ખેતરનો સરકાર હક ભરિવાનો હવેથી તમારે સીર છે. આ ખેતર ઉપર અમારો કોઇ કરજદાર, હીસેદાર, ભાગીદાર, વીગેરે દાવો અલાખો કરે તેનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઈએ. આ ખેતરનો રસ્તો દક્ષિણુ તરફના છેડે થઇને જવાનો છે. આ ગીરોખત અમારી રાજી ખુશીથી તથા અકલ હુંશીઆરીથી તથા દીલ સાબીતીથી લખી આપ્યું છે તે કબુલ મંજુર છે.

૧ આંક. ગતું	૧ આંક શાખ.
પા. મોતીલાલ વરજલાલનું મતું દા. પોતાના.	૧ પરીખ. અગરસી નંદલાલની શાખ. દા. પોતાના.
	૧ બ્યાસ. વીઠલ વનમાળીની શાખ દા. પોતાના.
	૧ પા. જેઠાબાઇ કલ્યાંણુદાસની શાખ. દા. પોતાના.
	લી. ભાટ. છગનલાલ કીરપારાંમ ધણી બે હજુર લખ્યું છે.

વેચાણ ખત.

સંવત ૧૯૪૮ ના વર્ષે ચૈત્ર શુદી ૭ ને વાર. તા૦ માહે સને ૧૮૯૨ ના અંગ્રેજી દીને. પા. ગીરધર ગાંનદાસ જાતે લેઉવા કણુબી, કસબ ખેતીનો, રહેવાશી મોજે ઉવારસદ તા. દ-

સક્રોઈના ગામના. પારસાત જોગ લી. શા. આશાભાઈ હરજીવંનદાસ. ગ્નાતે દશા પોરવાડ વાણીઆ, કસબ ધીરધારનો, રહેવાસી ગજકુર ગામના. જત અમારૂં ખેતર નંગ ૧. નામે ભાટીઉં મોજે ઉવારસદ તાલુકે દસક્રોઈ જીલ્લા ટુકડી તથા પેટાટુકડી અમદાવાદના ગામની સીમમાંનું. અમારા બાપદાદાની મીલકતનું. તથા અમારા કબજા ભોગ-વટામાંનું. રીવીઝંન સરવાઈ નંબર. ૬૦૫ વાળું એકર ૨-૬-ગુંઠાનું. અમારા પીતા હરજીવંનદાસ કાળીદાસના નામ ઉપર સરકારી દફ્ત-રમાં ચાલે છે તેના ખુંટ. ઉત્તરે—પા. મોરારજી કહાંનજીનું ખેતર છે. પૂર્વે—ભટ. ગંગાશંકર અનોપરામનું પસાયતાવાળું ખેતર છે. તથા શા. ચુનીલાલ પ્રેમચંદનું ખેતર છે. દક્ષિણે-પડતર તલાવડીની જમીન છે. પશ્ચિમે—નાળીયું છે.

એ રીતે ખુંટ ચાર વચેનું ખેતર અમોએ તમોને રૂ. ૯૯) અંકે રૂપીઆ નવાણું રોકડા મુંબાઇમરા લેઇ અભરામ કુલ ના દાવે વેચાંણ આપ્યું છે. તે તમો તથા તમારા પુત્ર પુત્રાદીક સુખેથી વા-વેતર કરો અગર તમારૂં દીલ ચાહે તેમ કરો તેમાં અમારો તથા અમારા વાલી વારસોનો કાંઇ દાવો અલાખો નથી. આ ખેતરમાં આ-વવા જવાનો રસ્તો નાળીયામાં છે.

આ ખેતરને લગતો ફારશી દસ્તાવેજ, તથા બીજા જુના દસ્તા-વેજો, તેની સરકારમાંથી મળેલી સણુંદ અમોએ તમારે સ્વાધીન કરી છે. આ ખેતર ઉપર અમારો કોઇ કરજદાર, હીસેદાર, ભાગીદાર વગેરે દાવો અલાખો કરે તો તેનો જવાબ અમો તથા અમારા વા-લી વારસો દઇએ સહી. આ ખત અમોએ અમારી રાજી ખુસીથી

લખી આપ્યું છે, તે અગારે કબુલ મંજુર છે.

૧ અત્ર મતું	૧ અત્ર સાખ.
૧ સા. આશાભાઈ હરજીવંનદાસનું મતુ. દા. પોતાના.	૧ પા. વીઠલ વનમાળીની સાખ. દા. પોતે.
	૧ શા. હરગોવંન દલીચંદની સાખ. દા. પોતે.
	લી. પા. મગન પરસોત્તમ ધણી એ હજુર લખ્યું છે.

વેચાણખત ૨ જું.

સંવત ૧૯૪૭ ના વૈશાખ વદી ૯ શુક્રવાર તા. ૨૦ મી માહે મે સને ૧૮૯૨ અંગ્રેજી દીને. જયાંની. ગીરજયાસંકર ગણુપતરામ ઉમર વરસ ૪૦, જ્ઞાતે મોઢ બ્રાહ્મણ, કસબ ખેતીનો, રહેવાસી મોજે મુઠીઆ તા. દસક્રોઇના ગામના. જોગ લી. પુરોહીત. પુરણાનંદ મહાનંદ ઉમર વરસ પર, જ્ઞાતે રાયકવાળ, કસબ જજમાન વૃતિનો, રહેવાસી મોજે મજકુર ગામના જત વિક્રિત ખેતરાં નંગ ૨ મોજે મુઠીઆ તા. દસક્રોઇ જીલ્લા ટુકડી તથા પેટા ટુકડી અમદાવાદના ગામની સીમમાં અમારી બાપીકી મીલકતનાં. તે અમોએ તમોને વેચાણ આપ્યાં તેની વીગત નિચે પ્રમાણે.

સરવા ઇનંબર	કુલ માપ. એકર	કુલ માપ. ગુંઠા	તે પૈકી વેચાંણ. એકર	તે પૈકી વેચાંણ. ગુંઠા	પૂર્વ દિશાએ.	પશ્ચિમ દિશાએ.	ઉત્તર દિશાએ.	દક્ષિણ દીશાએ.
૮૩૯	૫	૩૧	૫	૩૧	પા.પોપટ બાપુજી વીગેરેનાં ખેતરાં છે.	નિચે લખેલું નંબર ૮૪૦ નું ખેતર છે.	પા: કાળીદાસ બાપુજીનું નંબર ૮૬૦ નું ખેતર છે.	ખાંટ.બેચરજી વજાજીનું નંબર ૮૪૨ નું ખેતર છે.
૮૪૦	૭	૪	૩	૬	ઉપર લખેલું નંબર ૮૩૯ નું ખેતર છે.	નંબર૮૫૬ માં પા. નરોતમ મોરારને પા. તરભોવંન જેઠીદાસનું ખેતર છે.	નંબર૮૫૭ ચુનીલાલ હીરપારાંમ તથા તરભોવંન જેઠીદાસનું ખેતર છે.	ખાંટ બેચરજી વજાજીનું નંબર ૮૪૨નું ખેતર છે.

એ રીતે ઉપર લખેલાં ખેતરાં ૨ ની કુલ જમીન એકર ૮–૩૭ ગુંઠા સણુંદીયાં, તેમાં કુવો નામે રામસંગવાળો તે તથા તેના પાણીના ભાગ સુદ્ધાંત; ને ઉપર લખેલાં ખેતરાંમાં બાવળનાં ઝાડ નંગ ૧૦ લીંબડીઓનાં ઝાડ ૧૨ કણુઝીનાં ઝાડ નંગ ૫ ખીજડીનુ ઝાડ નંગ ૧ બોરડીઓનાં ઝાડ ૨ એ રીતનાં ઝાડ સુદ્ધાંત. ઝાડ બીડ, વાડ કાંટા, છેડા પાળી સમેત અમોએ તમોને અભૃમકુળ ના દાવે અધાટ રૂપીઆ ૧૦૦૦) અંકે રૂપીઆ હજાર મુંબાઇમરામાં વેચાણુ આંપ્યાં છે હવે આ

ખેતરાં ઉપર અમારો તથા અમારા વાલી વારસનો કસી તરેહનો દાવો આલાખો નથી. ને હવેથી આ ખેતરાં તમો તથા તમારા પુત્ર પુત્રાદિક સુખેથી વાવેતર કરો, અગર કરાવો ને ઝાડ પડા પાન સુધાંત લ્યો, તેમાં અમો તથા અમારા વાલી વારસો હરકત કરીએ નહીં. આ ખેતરાંનો સરકાર હક હવેથી તમો ભરો. આ મીલકત ઉપર હવે કોઇ અમારા કરજદાર, હીસેદાર, વાલી વારસો વીગેરે કોઈપણ માણસ કોઇ પ્રકારની હરકત કરે તો તેનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઇએ. આ ખેતરાં સરકાર દફતરમાં તમારે નામે ચઢાવી આપીએ. આ વેચાણખત અમે અમારી રાજી ખુશીથી લખી આપ્યું છે.

અત્ર. મતું.	તત્ર. શાખ.
૧ પુરોહીત. પુરણાનંદ મહાનંદનું મતું દા. પોતાના.	૧ પા. મલાભ ભાઇજીદાસની શાખ દા. પોતે.
	૧ પા. જેઠાભાઈ કલ્યાણદાસની શાખ દા. પોતે.

લી. જોશી. રેવાશંકર ઉમેદરામ.

—:o:—

વીલ. (વસીયત નામુ)

હું પટેલ આમથાભાઇ જેઠાભાઇ ધર્મ હીંદુ, જાતના લેઉવા પાટીદાર, ઉમર આશરે વરસ ૬૦ ની, ધસબ ખેતીનો, રહેવાશી મોજે હુંસપરા તાલુકે દસક્રોઈના મામના. આ દુનિઆમાં ક્ષણ ભંગુર દેહનો મને ભરૂસો પડતો નથી. ને હું જઇફ અવસ્થાનો થયેલો છું. મારે ફરજનમાં દીકરો નથી. પણ ચાર દીકરીઓ છે. ને મારી સ્ત્રી નામે જવેર છે. મારો આડીને એટલે ટુંકી પહેડીનો પીત્રાઇ નથી તેથી મારા ગુજ-

યો પછી મારી મીલકતનો બીગાડ ન થાય માટે નિચે લખ્યા મુજબ વ્યવસ્થા કરવા સારૂ આ વીલ ઉયા વસીઆતનામુ મારા સાવધ પણામાં કરૂંછું તેની વિગત.

ઘર તથા ખેતરાં તા. ઝાડ મોજે હુંસપરા તાલુકે દસક્રોઇ જીલ્લા દુકડી તા. પેટા દુકડી અમદાવાદના ગામમાં ઘર તા. સીમમાં ખેતરાં ને ઝાડ છે તેની વિગત.

ઘર નંગ ૨ જોડા જોડનાં જેમાં અમો રહીએછીએ, તે, તેના ખુટ. આ બંને ઘરનાં બારાણું ઉત્તર દિશાનાં, આ બંને ઘરના તાબાની ગાંડવીમાં પડે છે. તે ગાંડવીઓ આગળ આ ઘરના તાબાની ઢોર બાંધવાની છુટી જમીન છે, ને પછી મારગ છે. તથા બંને ઘરની પછીતો દક્ષિણ દિશાના રાજમારગમાં પડે છે ને પૂર્વ દિશાનો કરો પા. ગોકલ ધર્મદાસના ઘર સાથે સહીઆરો છે. પશ્ચિમ દિશાનો કરો પા. પુજા ધર્મદાસના ઘર સાથે સહીઆરો છે. એ રીતે ખુટ ચાર વચલાં ઘર બે જોડા જોડનાં ચાલ ચોક અસલ હદ મુજબ, જમીન ઉપર દલ સુધાંતનાં.

ખેતર નંગ ૧ સરવાઈ નંબર ૨૦નું એકર ૩–૨ ગુઠાનું સરકારી ખેડ હકનું કીત્તે વાડીયું. તેના ખુટ. આ ખેતરની પૂર્વ દિશાએ ખાંટ બહેચર નથુની ખેડ હકનું ખેતર છે. પશ્ચિમ દિશાએ નિચે લખેલું સરવાઈ નંબર ૨૨ નું અમારૂં ખેતર છે. તા. ઉત્તર દિશાએ ખાંટ બહેચર નથુનું ખેતર છે. ને દક્ષિણ દિશાએ જમાદાર કાસમઅલીનું ખેતર છે. એ રીતે ખુટ ચાર વચલું ખેતર તેમાં લીંબડીઓનાં ઝાડ નંગ પં અમારા ઉચ્છેર

નાં છે તે સુદ્ધાંતનું.

ખેતર નંગ ૧ બીજુ સરવાઇ નંબર ૨૨ નું એકર ૬— ૯ ગુંઠાનું સરકારી ખેડ હકનું કીત્તે સડકવાળું. તેના ખુટ. આ ખેતરની પૂર્વ દિશાએ ઉપર લખેલા સરવાઈ નંબર ૨૦ નું ખેતર તા. જગાદાર કાસગઅલીનું ખેતર છે. પશ્ચિમ દિશાએ રાજ મારગનું નાળીયું છે. ઉત્તર દિશાએ સડક છે. તથા દક્ષિણ દિશાએ જગાદાર કાસગઅલીનું ખેતર છે. એ રીતે ખુટ ચાર વચલુ ખેતર તેમાં અમારી જાતે. કંડેલ થાળા સુધાંતનો કુવો છે. તથા તે ખેતરમાં આંબાનાં ઝાડ ૬ તથા ગફુડાનાં ઝાડ ૭ મળી કુલ ઝાડ ૧૩ સુદ્ધાંતનું. એ રીતે ઝાડ સુધાંતનાં ખેતરાં બે. તા.બીજાં ઝાડ છે તેની વિગત નીચે મુજબ.

ઝાડ નંગ ૧૬ તેમાં રાયણનું ઝાડ ૧ તા. લીંબડીઓનાં ઝાડ ૧૫ મળી ઝાડ સોળ ઉપર લખેલા સરવાઇ નંબર ૨૦ ના ખેતરથી દક્ષિણ દિશા તરફનું ખેતર જગાદાર કાસગઅલીનું અમો વાવેતર કરતા હતા તેમાં છે તે અમારા ઉચ્છેરનાં છે તે.

જંગમ મીલકતની વિગત. તેમાં સોનાના, રૂપાના દાગીના રૂ ૨૦૦) અંકે બસેં રૂપીઆના તથા તાંબા પીતળનાં ને કાંસાનાં વાસણ મણ ૬ ને આસરે તા. ઘર વાખરાની તમામ જણસો રૂ ૫૦) પચાસ રૂપીઆને આશરે તથા અમારા બળદ ૨, ભેંસ ૧, ધોલ્લાં ૨, પાડુ ૧, તથા હળ, ગાડુ વિગેરે ખેતીના કામનો તમામ સામાન તથા પરચુરણ જંગમ મીલકત..

લેહેણું છે તેની વિગત તેમાં રૂ. ૬૦) વણકર. હરખલા હરજીઆ

તા. આસીઆ હરજીયા તથા ઈછલા લાલીયા પાસે લેણાનું સાઠ રૂપીઆનું ખત સંવત ૧૯૪૬ ના ફાગણ શુદી ૫ નું.

ખા. જોરદાસ વહાલદાસ પાસે પીસતાળી રૂપીઆ સંવત ૧૯૪૮ ના ચઇતર શુદી ૭ ના રોજના ખાતે લેણા છે તે.

એ રીતે ગહારી ગીલકત છે. તે મીલકતના જીવતાં સુધી અમો ગાલીક છીએ. પણ દૈવેચ્છાએ કદાપી અમો ગુજરી જઈએ તો અગારા ગુજર્યા પછી અગારી તગાગ ગીલકતની માલીક અગારી ઓરત નામે ઝવેર છે તે છે. ને તે મારી ઓરત ઝવેર જીવે ત્યાં સુધી આ મીલકતની વ્યવસ્થા કરે. તે ગુજરા પછી મારી ચાર દીકરીઓ છે તેગાં મોટી દીકરી ગાલીબા ગાગ સોનાવડે પટેલ સખીદાસ વેરે પરણાવી છે તે તા. બીજી દીકરી ગંગાબા, ત્રીજી કાશી બા, ચોથી બુનજીબા એ ત્રણે દીકરીઓ વેહેલા ગાગમાં પરણાવી છે તેગાં ગંગા પટલ કાળીદાસ વેરે પરણાવી છે, તથા બુનજી પટેલ મગન વેરે પરણાવી છે, તથા કાશી પટેલ ડાહ્યાભાઇ વેરે પરણાવી છે. આ ગારી ચારે દીકરીઓને ગારા તથા મારી સ્ત્રી નામે ઝવેર ના ગુજર્યા પછી ગારી ઉપર જણાવેલી તગાગ ગીલકતના વારસ ધણી માલેક ઠરાવુંછું. તે ચારે જણ ગારી મીલકત કુલ અધીકારથી પોતાના કબજાગાં લેઇ તે ગીલકત વેચીને ગારૂ તથા ગારી સ્ત્રીનુ ક્રીયા ખરચ તેમની નજરગાં આવે તેવું કરે. મારે દેવું નથી. લેહેણું વિગેરે મારી મીલકત મારા તથા ગારી સ્ત્રીના ગુજર્યા પછી સરખે ભાગે વેહેંચી લે. આ ગીલકત ઉપર હવે એ ગારી ચારે દીકરીઓ સિવાય બીજા કોઇનો કોઈ પ્રકારનો હક દાવો નથી. ને

કોઈ હક દાવો કરે તો તે આ લેખથી ચાલે નહી. તે સારૂ આ વીલ ઈયા વસીયતનામુ અમોએ અમારી રાજી ખુશીથી તથા અકલ હુશીયારીથી કર્યું છે. એ અમારે કબુલ મંજુર છે. સંવત ૧૯૪૮ ના વૈશાખ વદી વાર તા. માહે મે સને ૧૮૯૨ ના રોજ કર્યું છે.

અત્ર. મતું. તત્ર. સાખ.

પા. ભગાભાઇ જેઠાભાઇની સહી દા. પોતે.

૧ પા. કહાનદાસ ગીરધરની સાખ દા. પોતે.

૧ શા. દોલચંદ દીપચંદની સાખ દા. પોતે.

૧ પા. જેઠાભાઇ કલ્યાણદાસની સાખ દા. પોતે.

લી. ભટ. છગનલાલ કીરપારામ

ગણોત.

સંવત ૧૯૪૮ ના વર્ષે વૈશાખ વદી ૬ ને બુધવાર તા. ૧૮ મી માહે મે સને ૧૮૯૨ ના અંગ્રેજી દીને. પા. હરીવલ્લભ ભૂખણદાસ રહેવાસી મોજે ગજેરા તા. જંબુસરના ગામના. જોગ લી. પા. પીતાંબર શંભુદાસ રહેવાશી મજકુર ગામના. જત અમોએ તમારી પાસેથી સંવત ૧૯૪૯ ની સાલનું ખરીફનું વાવેતર કરવાને મજકુર ગામની સીમનાં નીચે લખેલાં બે ખેતરો ગણોતે રાખ્યાંછે. તેના ખુંટની વીગત.

રીવીઝન સરવે નંબર	ખેતરનું માપ. એકર	ગુંઠા	પૂર્વ દિશાએ.	પશ્ચિમ દિશાએ.	ઉત્તર દિશાએ.	દક્ષિણ દિશાએ.
૪૬	૪	૩૨	પા. જેઠાભાઇ સખીદાસનું ખેતર છે.	પા. કાલીદાસ ગીરધરનું ખેતર છે.	પા. પ્રહેલાદજી ગણેશનું ખેતર છે.	નાળિયું છે
૧૫૨	૧	૧૦	પા. ભૂલાભાઇ બાપુભાઇનું ખેતર છે.	શા. ભુદર પાનાચંદનું ખેતર છે.	પા. નથુ જેઠાભાઇનુ સરકારી ખેડ હકનું ખેતર છે.	પા. જીવાભાઈ મોતીભાઇનું ખેતર છે.

ઉપર લખેલાં ખેતરો બે. કુલ જમીન એકર ૬-૨ ગુંઠા. અમોએ તમારી પાસેથી ખેડવા સારૂ સાંથે રાખાંછે, તેની સાંથના રૂા. ૪૧ અંકે રૂપીઆ એકતાળીસ મુંબાઈગરા કર્યાછે તે રૂપીઆ સંવત ૧૯૪૯ ની સાલના પોસ સુદી ૧૫ ને રોજ આપીએ. આ ખેતરમાં જે કાંઈ વાવેતર કર્યુ હોય તે ઉઠાવી લેઈને આ ખેતર સંવત ૧૯૪૯ ના ચૈત્ર સુદી ૨ ના રોજ ખેડખાતર વીગેરેની તકરાર ન કરતાં તે ખેતરો બીન તકરારે તમારે કબજે કરીએ. આવતી સાલ તે ખેતરો તમારી ધ્યાનમાં આવે તેને વાવેતર કરવા આપો. અગર તમારૂં દીલ ચાહે તેમ કરો તેમાં અમો તથા અમારા વાલી વારસો કસી તરેહની તરકત કે અડચણ કરીએ નહીં. આ ખેતરનો જે કોઈ સ-

રકાર હક ભરવાનો હોય તે તમે ભરો આ ખેતરની હદ નીસાન બરોબર સુધારી રાખીએ આ ગણોત અમોએ અમારી રાજી ખુશીથી તથા દીલસાબતથી લખી આપ્યું છે. તે અમારે કબુલ મંજુરછે.

૧ આત્ર. ગતું	૧ આત્ર. સાખ.
૧ પા. પીતાંબર શંભુનુ ગતું ઉપર લખ્યું તે સહીંછે. દા. પોતે	૧ શા. ગયાચંદ ગાંણુકચંદનીસાખ દા. પોતાના.
	૧ શા. આમથા જુઠાની સાખ દા. પોતાના.
	૧ લી. જોશી. રેવાશંકર ઉમેદરામ.

ભાડા ચીઠી.

સંવત ૧૯૪૮ ના ચઇતર શુદ ૫ ને વાર તા. માહે સને ૧૮૯૨ ના અંગ્રેજી દીને. શા. છગનલાલ મોતીચંદ રહેવાશી શેહેર અમદાવાદમાં ધનાસુતારની પોળમાં ગુંદીની પોળના. જોગ લી. શા. અગરચંદ રતનચંદ રહેવાશી મોજે કુબાડ તાલુકે દસક્રોઇના માગના જત તમારૂ ઘર એક શેહેર અમદાવાદમાં ઢાળની પોળમાં માતાની શેરીમાં મ્યુનીસીપાલ રજીષ્ટર નંબર ૩૫૬ વાળું શા. હરીકૃષ્ણ વંદ્રાવન તથા ભટ. રેવાશંકર શીવશંકર વચલું પૂર્વાભિમૂખના બારણાનું છે તે. ત્રણ ગજલા સહિત અમોએ તમારી પાસેથી ભાડે રાખ્યુંછે. તેના ભાડાના વરસ એક રૂા. ૩૦) અંકે રૂપીઆ ત્રીશ મુંબાઈગરા કર્યા છે. તે ભાડુ અમો ચઢે ચઢયું આપીએ મુદત પુરી થએ એટલે સંવત ૧૯૪૯ ના ચૈતર શુદી ૫ ને દિને બીન તકરારે ઘર તમારે હવાલે કરીએ. વરસ પુરૂ થયા પેહેલાં આ ઘર અમો ખાલી કરીએ, અગર ચોમાસા સિવાય તમો ખાલી

કરાવો તો જેટલી મુદત અમો તમારા ઘરમાં રહીએ તેટલી મુદતનું ભાડુ બીન તકરારે ચૂકાવી આપીએ. અને ઘર તમારે કબજે સોંપીએ આ ઘરના નેવાંની ખોટ તમો ઘરધણી આપો. અને સંચરામણી ખરચ અમારે શીર છે. આ ભાડા ચીઠી અમારી રાજી ખુશીથી લખી આપીછે તે કબુલ મંજુર છે.

૧ અત્ર મતું	૧ તત્ર સાખ
૧ શા. અમરચંદ રતનચંદ નું મતું.	૧ શા. ગીરધર નાંનચંદનીસાખ દા. પોતાના.
	૧ પા. નથુ ડુંગરદાસની સાખ દા. પોતાના.
	લી. ભાટ. મગનલાલ કીરપારામ

ફારગતી

સંવત ૧૯૪૮ ના વરખે વૈશાખ વદી. ૯ શુક્રવાર તા. ૨૦મી માહે મે સને ૧૮૯૨ અંગ્રેજી દીને. પા. પરભુદાસ ખોડાભાઈ રહેવાશી મોજે નરોડા તા. દસક્રોઈના ગામના જોગ લી. શા. પ્રેમચંદ કસ્તુરચંદ. રહેવાસી મોજે મજકુર ગામના. જત અમારૂં તમારી પાસે વ્યાજુ ખતથી તથા ખાતેથી લેણું હતું તે લેણાનો આજ રોજ હીસાબ કર્યો તો તમારી પાસે અમારા રૂા. ૬૭૨ાા લેણા નીકળ્યા. ને તે રૂપીઆ છસેંને સાડી બહોતેર અમોએ તમારી પાસેથી આજ રોજ લીધા છે. માટે અમારૂં હવે તમારી પાસે ખતથી તથા ખાતેથી તથા કોઇ પ્રકારથી લેણું રહ્યું નથી. તેની આ ફારગતી લખી આપી છે. હવે કોઇ અમારા તરફથી અમારા વાલી વારસો કે ભાગીદાર કોઇ પ્રકારનું લેણું કહાડે તે આ ફારગતીથી રદ છે. આ ફારગતી અમોએ

અમારી રાજી ખુશીથી લખી આપી છે તે અમારે મંજુર કબુલ છે.

૧ અત્ર. મતુ	૧ તત્ર સાખ.
૧ શા પ્રેમચંદ કસ્તુરચંદની સહી દા. પોતાના.	૧ પા. પીતાંબરદાસ માધવદાસની સાખ દા. પોતાના.
	૧ સા. ગરબડ મોઠાની સાખ. દા. પોતે.

લી. જોશી. રેવાશંકર ઉમેદરામ.

ફારગતી ર જી.

(તલકનામુ)

સંવત ૧૯૪૮ ના વરખે વૈશાક વદી ૯ શુકરવાર તા૦ ૨૦મી માહે મે સને ૧૮૯૨ અંગ્રેજી દીને. પગી. હેમતાજી સુરતાજી રેહેવાસી મોજે નરોડા તાલુકે દસક્રોઇના મામના. જોગ લી મોજે. વીસલપુર તાલુકે સાણંદના પગી. ધનજી કાળુજી જત અમારી પરણેતની બાયડી નામે જીતા. તેને ને અમારે બરોબર બનત આવી નહી. ને તેની સાથે તમોએ નાતરૂં કર્યું છે. માટે તમારી પાસેથી અમોએ આપણી નાત રીત પ્રમાણે પંચની વીદગાન રૂ ૧૨) અંકે રૂપૈઆ બાર મુંબાઇગરા લેઇને (છેડા છુટકો) આપ્યો છે. હવેથી આ બાઇડી સાથે અમારો ધણીપણા વીગરે કોઇ પ્રકારનો હક નથી આ ફારગતી અમારી રાજી ખુશીથી તથા દીલ સાબેતીથી લખી આપી છે તે અમારે કબુલ મંજુર છે.

૧ અત્ર. મતુ	૧ તત્ર સાખ.
૧ પગી. ધનજી કાળુજીનું મતુ દા. વ્યાસ. દજીરણછોડના.	૧ મુખી. અંબારામ કલ્યાણદાસની. સાખ દા. પોતે.

૧ ગતાદાર. લલુભાઇ ગલાબદાસની
સાખ દા. પોતે,
૧ પગી. ડોસલા કુબેરની સાખ દા.
પોતાના.
લી. જોસી. રેવાશંકર ઊમેદરામ.

કરાર.

સંવત ૧૯૪૭ ના વર્ષે. આસો સુદી. ૭ શનીવાર તા. ૧૦ મી માહે અકટોમ્બર સને ૧૮૯૧ ના દીને. પા. વનમાળી નથુભાઈ. રહેવાશી મોજે સરભોણ તાલુકે આમોદ જીલ્લે ભરૂચના ગામના. જોગ લી. ભરવાડ આલા જીવા રહેવાશી મોજે વેડચા તાલુકે આમોદ જીલ્લે ભરૂચના ગામના જત તમારો વાછરડો નંગ ૧ અમોએ તમારી પાસેથી ભાગે બાંધ્યો છે. તે એવા કરારથી કે તે વાછડાને સારી રીતે, ઘાસ, પાણી, દાણા, વીગેરે ખવરાવી પીવરાવી સાચવીએ. ને તમારી ધ્યાનમાં આવે ત્યારે તે વાછડાને ખંડીએ, ને તેની જે વ્યાજબી કીંમત થાય તે કીંમતમાંથી મુડીના રૂ. ૧૩ અંકે તેર રૂ. મુંબાઇગરા તમે લ્યો; બાકી જે રૂપિઆ રહે તે અમોને તમો સરખે ભાગે અરધો અરધ લઈએ. કદાચ આ વાછડો ચોરીએ જાય, અગર નાસી જાય કે કોઇપણ રીતે ગુમ થાય તો વાછડાની કીંમતનો આંક પંચ જે ઠહે તે પ્રમાણે અમો આપીએ. ને કજારજાએ તેના જીવનું જોખમ થાય તો અમો તમોને તે બતાવીને તેને અવલ મજલ પહોચાડીએ આ કરાર અમોએ અમારી રાજી ખુશીથી તથા દીલ સામેતીથી લખી આપ્યો છે તે અમારે કબુલ મંજુર છે.

૧ અત્ર. મતુ ૧ તત્ર સાખ.
૧ ભરવાડ આલા જીવાનું મતુ પા. મોરાર ગોકળદાસની સાખ.

દા. વહાલદાસ ગીરધરના.   સા. હરગોવીન હીરાચંદની સાખ.
દા. પોતે.
લી. શા. પાનાચંદ સુરચંદ.

ઠરાવ.

સંવત ૧૯૪૭ના ચૈત્ર વદી ૧ તા. ૧૨ મી માહે અપ્રેલ સને ૧૮૯૨ અંગ્રેજી દીને. ખોડા ઢોરની તરફથી વહીવટ કરનાર. શા. લલુભાઇ ઈચ્છાચંદ રહેવાસી અમદાવાદમાં માંડવીની પોળમાં નાગજી ભુદરની પોળના. જોગ લી. પા. છગન ખુશાલ તથા ગરાશીઆ. વજા ભાઇજી રેહેવાસી ગામ નરોડા પ્રા. દસક્રોઇના ગામના જત અમારા ગામના તળાવમાં અમો (અમારા ગામના કુવામાંથી) કોસ જોડી પાણી મૂકીએ. તેનો ઠરાવ એવી રીતે કે માસ ૧ ના રૂા ૧૫) અંકે પંદર રૂપીઆ લઇએ. ને દરરોજ કોસ રાંગડીઆ ૧૫૦) અંકે દોઢસો નાંખીએ, ને રાત દહાડે તળાવની ચોકી કરીએ. એ તળાવમાંથી કોઇ હરામી હલાલી માછલાં લઇ જાય નહીં. તથા ઢોર વીગેરે તળાવમાં પૈસી બગાડ કરે નહી. તમો જ્યાં સુધી કોસ નંખાવો ત્યાં સુધી નાંખીએ. તમારી રજા વગર કોસ અમો બંધ કરીએ તો તમારે કોસ જોડાવવો પડે તેમાં અમારા પગાર કરતાં જેટલા વધારે રૂપીઆ ખર્ચ થાય તે, અમો તમોને મજરે આપીએ. કદાપી વરસાદ પછી કોઇ નીકળે ત્યારે તમારે કોસ જોડાવવો પડે, તો તમો કહો તે વખત અમો કોસ જોડીએ ઉપર લખ્યું તે સહી છે.

પા. છગન ખુશાલદાસની સહી. દા.
અંબારામ વરજભાઇના.
પા. વજા ભાઇજીની સહી દા. જે.
સંગભાઇ છગનલાલના.